**અગ્રતા ક્રમ:** **૦૫**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૪/૨૪૮

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૦૬/૦૨/૨૦૨૪**

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

**પ્રશ્ન શિર્ષક:** અમદાવાદ શહેર અને જીલ્લામાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કુલમાં આપેલ ગેરકાયદે પ્રવેશ

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:** શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)

**અમદાવાદ શહેર અને જીલ્લામાં ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કુલમાં આપેલ ગેરકાયદે પ્રવેશ**

***૨૪૮ શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| **ક્રમ** | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાના ધો. ૧ થી ૫ ના વિદ્યાર્થીઓને ખાનગી સ્કુલમાં ગેરકાયદે પ્રવેશ આપ્યો હોવાની કેટલી ઘટનાઓ બની, અને | (૧) | શુન્ય (૦) |
| (૨) | ઉક્ત ઘટનાઓમાં સરકારી શાળાઓના કેટલા વિદ્યાર્થીઓને કઇ ખાનગી શાળામાં પ્રવેશ આપી કેટલી ફી ઉઘરાવી હોવાનું સામે આવ્યું, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) | ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલા લીધા ? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

---

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૪૮**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અમીતભાઇ ઠાકર (વેજલપુર)**

---

**પ્રશ્ન– (૧) સરકારી શાળાનાં વિદ્યાર્થીઓને ગેરકાયદેસર રીતે ખાનગી શાળામાં અભ્યાસ કરાવવા અંગેની ઘટના અંગે તંત્રને જાણ થયા બાદ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી અને**

**(૨) સરકારીશ્રીના નિયમોનાં ઉલ્લંઘન–ગેરરીતી આચરવા અંગેની ઘટના સામે કયા પ્રકારના હાથ ધરવામાં આવે છે?**

**<u>જવાબ :(૧)</u>**

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તા.દસક્રોઈ તથા સંયુક્ત તપાસ ટીમ બનાવીને પ્રાથમિક તપાસ પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતા. તપાસ પ્રક્રિયાના અંતે સદરહુ ગામની સરકારી પ્રાથમિક શાળામાં નોંધાયેલ ધોરણ ૧ થી ૫નાં અંદાજિત ૭૭ વિદ્યાર્થીઓ તે જ ગામમાં આવેલ શારદા શિક્ષણ તીર્થ નામની ખાનગી શાળામાં અભ્યાસ કરતા જાણવા મળેલ.

જેના અનુસંધાને પાલડી–કાંકજ તા.દસક્રોઈની સરકારી પ્રા.શાળાના મુખ્યશિક્ષકશ્રીની આ પ્રકારની ગેરરીતી બદલ તા.૦૩/૦૮/૨૦૨૩ના હુકમથી ફરજમોકૂફ કરવામાં આવેલ હતા.

તેમજ શારદા શિક્ષણ તીર્થ (બિન અનુદાનિત ખાનગી પ્રા. શાળા), પાલડી કાંકજના સંચાલકશ્રી તથા આચાર્યશ્રીને કારણદર્શક નોટીસ પાઠવી પ્રવર્તમાન નિયમાનુસાર રૂ. ૧ લાખનો દંડ ભરવા માટે હુકમ કરેલ હતો. તેમજ સદરહુ શાળાની આ પ્રકારની ગંભીર ગેરરીતી બદલ શાળાની કાયમી માન્યતા રદ કરવા અથે નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીને દરખાસ્ત રજુ કરવામાં આવેલ હતી. જે અન્વયે તા.૦૮/૧૧/૨૦૨૩ના રોજ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર દ્વારા સદરહુ ખાનગી શાળાની ધોરણ–૬ થી ૮ની માન્યતા રદ્દ કરેલ હતી.

વધુમાં, શારદા શિક્ષણ તીર્થ (બિન અનુદાનિત ખાનગી પ્રા. શાળા) , પાલડી કાંકજના સંચાલકશ્રી અને પાલડી–કાંકજ તા.દસક્રોઈની સરકારી પ્રા.શાળાના મુખ્યશિક્ષકશ્રી સામે પોલીસ ફરિયાદ દાખલ કરીને ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ હતી. જે અન્વયે પોલીસ દ્વારા શાળા સંચાલકની ધરપકડ કરી આગળની ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ છે.

**જવાબ : (૨)**

- આ પ્રકારની રજુઆત/બાબત જિલ્લા કચેરીનાં ધ્યાન પર આવેથી સબંધિત શાળાને કારણદર્શક નોટીસ પાઠવી ખુલાસો માંગવામાં આવે છે.
- ખુલાસો મેળવ્યા બાદ અનિયમિતતા–ગેરરીતી સાબિત થાય તે કિસ્સામાં શિક્ષણ વિભાગના તા. ૦૨/૧૨/૨૦૧૪નાં ઠરાવની જોગવાઈઓને અનુરૂપ પ્રથમ પ્રસંગે રૂ. ૧૦,૦૦૦/– તથા તે પછીની પ્રત્યેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂ. ૨૫,૦૦૦/–ની દંડકીય જોગવાઈ મુજબ સબંધિત શાળાને દંડની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા આદેશ કરવામાં આવે છે તથા, ભવિષ્યમાં આ પ્રકારની અનિયમિતતા–ગેરરીતી ન આચરવા તાકીદ કરવામાં આવે છે.
- સરકારશ્રીના જાહેરનામા, ઠરાવ, પરિપત્રો કે સરકારની સૂચનાની અવગણના સબબ તેમજ ફરીયાદ થતાં અધિકૃત અધિકારી દ્વારા તપાસના અંતે કરવામાં આવેલ દંડનીય જોગવાઈ મુજબ દંડ ભરવામાં ન આવે તેમજ વારંવાર અનિયમિતતાઓ આચરવામાં આવે અથવા ગંભીર અનિયમિતતા–ગેરરીતી સાબિત થાય તો, તેવા સંજોગોમાં શાળા/સંસ્થાની શાળાની કાયમી માન્યતા રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૪૮**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અમીતભાઇ ઠાકર (વેજલપુર)**

---

**પ્રશ્ન–** **રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળાઓ તથા, તેમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ટ્રેકિંગ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે?**

જવાબ : હા જી,

- રાજ્યમાં આવેલ તમામ સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ, તથા ખાનગી પ્રાથમિક શાળાઓને સરકારશ્રી તરફથી યુનિક આઈડેન્ટીફિકેશન નંબર ડાયસ કોડ ફાળવવામાં આવે છે. જેમા શાળાનાં નામ, સરનામા, જીઓ લોકેશન તથા અભ્યાસ કરતા તમામ બાળકોની પ્રોફાઈલ જેવી વિગતોનો સમાવેશ થયેલ હોય છે.
- તદ્ ઉપરાંત, પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે યુનિક ચાઈલ્ડ આઈ.ડી નંબરની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. જેમાં વિદ્યાર્થીની નામ, સરનામા , બેન્ક એકાઉન્ટ વિગત, વગેરે જેવી વિગતો સંકલિત કરવામાં આવે છે. અને વિદ્યાર્થી જ્યા સુધી ધોરણ–૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે ત્યા સુધી આ યુનિક ચાઈલ્ડ આઈ.ડી નંબરની મદદથી વિદ્યાર્થીના અભ્યાસ લગત વિગતો જાણી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. આ કાર્યવાહી સમગ્ર શિક્ષા કચેરી મારફતે કરવામાં આવે છે.
- શારદા શિક્ષણ તીર્થ (બિન અનુદાનિત ખાનગી પ્રા. શાળા), પાલડી કાંકજ, ધોરણ ૬ થી ૮ની માન્યતા રદ કરવાની સાથે સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ડાયસકોડ (૨૪૦૭૦૬૦૬૧૦૪) પણ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**શાળા કે.જી. થી પી.જી. – ૧.૫૦ લાખ બાળકો**

ભારતના પ્રથમ વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ડેઇલી રીયલ ટાઇમ ઓનલાઇન હાજરીનું સતત મોનિટરિંગ

૧.૨ કરોડ વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમમાં સુધારો લાવવા – ૫૫૦૦૦ શાળાઓનું મોનિટરિંગ થઇ રહ્યુ છે.

# <u>પુરક માહિતી</u>

**પ્રશ્ન–** **સરકારી શાળાનાં વિદ્યાર્થીઓને ગેરકાયદેસર રીતે ખાનગી શાળામાં અભ્યાસ કરાવવા અંગે ક્યા પ્રકારની ઘટના સામે આવેલ હતી?**

જવાબ : અમદાવાદ જિલ્લાનાં પાલડી–કાંકજ ગામ, તા.દસક્રોઈની સરકારી પ્રા. શાળામાં અભ્યાસ કરતા બાળકોના નામો સરકારી પ્રા. શાળામાં ચાલતા હતા,

જ્યારે બાળકો અભ્યાસ માટે તે જ ગામમાં આવેલી ધોરણ–૧ થી ૫ની માન્યતા વિનાની શારદા શિક્ષણ તીર્થ (બિનઅનુદાનિત ખાનગી પ્રા. શાળા), પાલડી કાંકજમાં અભ્યાસ કરવા જતા હોવાની ઘટના સામે આવેલ હતી.

**પ્રશ્ન–** **સરકારી શાળાનાં વિદ્યાર્થીઓને ગેરકાયદેસર રીતે ખાનગી શાળામાં અભ્યાસ કરાવવા અંગેની ઘટના અંગે તંત્ર ને ક્યા પ્રકારે જાણ થઈ ?**

જવાબ : એસ.એમ.સી.કમિટી, ગ્રામજનો તથા શ્રી ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ ચાવડા, રહે.પાલડી કાંકજની તા.૨૬/૦૭/૨૦૨૩ની અરજીઓ જિલ્લા કચેરીને મળેલ. વધુમાં, મુખ્ય મંત્રીશ્રીનાં કાર્યાલય દ્વારા સંચાલિત સ્વાગત (SWAGAT) પોર્ટલ પર અરજદારશ્રી નિર્મલસિંહ ડોડીયા દ્વારા તા. 27/10/2023નાં રોજ આ બાબતે જિલ્લા કચેરીને ફરીયાદ મળેલ હતી.

**અગ્રતા ક્રમાંકઃ– (૫)**

**તા.૦૬–૦૨–૨૦૨૪**

**(૧) અમીતભાઈ ઠાકર (વેજલપુર)**